# શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં આજથી ગુણવત્તા ચકાસણીનો બીજો તબક્કો શરૂ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓની ગુણવત્તા સુધારણા માટે શરૂ કરાયેલા સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક ગુણાંકન-2026 અંતર્ગત બીજા તબક્કાની કામગીરીનો આજથી પ્રારંભ થઈ ગયો છે.

પ્રથમ તબક્કામાં તા.17 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર દરમિયાન રાજ્યની 50 હજારથી વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓએ સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ત્યારબાદ નમૂના રૂપે પસંદ કરાયેલી 17 હજારથી વધુ શાળાઓમાં હવે વેરિફાયર્સ દ્વારા સ્થળ મુલાકાત કરી ચકાસણી કરવામાં આવશે. આ માટે શિક્ષણ વિભાગે તમામ વેરિફાયર્સને ઓનલાઈન તાલીમ આપી દીધી છે અને શાળા મુલાકાત માટે સત્તાવાર ઓથોરિટી લેટર પણ ઈસ્યુ કર્યા છે. ગાઈડલાઈન મુજબ દરેક શાળામાં બે વેરિફાયર્સની ટીમ મૂલ્યાંકન કરશે, જો કે અતિ અનિવાર્ય સંજોગોમાં એક જ વેરિફાયર ઉપલબ્ધ હોય તો પણ નિયત શેડ્યૂલ મુજબ કામગીરી અટકાવ્યા વગર પૂર્ણ કરવાની રહેશે. સમગ્ર કામગીરીના સુચારુ સંચાલન માટે દરેક જિલ્લાના ડાયેટના પ્રાચાર્યને મુખ્ય નોડલ અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે, જેઓ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સાથે સંકલનમાં રહી કામગીરી પાર પાડશે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ આદેશ કર્યો છે કે જો કોઈ જિલ્લામાં સ્થાનિક રજા કે અન્ય અનિવાર્ય સંજોગોને કારણે નિયત તારીખે વેરિફિકેશન શક્ય ન બને તો બીજા દિવસે તે પૂર્ણ કરવાનું રહેશે, પરંતુ કોઈપણ સંજોગોમાં 30 સપ્ટેમ્બર, 2026 સુધીમાં તમામ જિલ્લાઓએ વેરિફિકેશનની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

# નવાયાર્ડ વિસ્તારમાં બંધ મકાનના તાળાં તોડી રૂ.૪૫ હજારની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

નવાયાર્ડની જૂની રામવાડી વિસ્તારમાં રહેતી નયનાબેન પરમારના પતિ કંપનીના કામથી મધ્યપ્રદેશ ગયા હોવાથી તેઓ પોતાની માતાના ઘરે રોકાવા ગયા હતા. તા.17 સપ્ટેમ્બરના બપોરે તેઓ ઘરેથી માતાના ઘરે ગયા હતા. દરમિયાન તા.18 સપ્ટેમ્બરની સવારે પાડોશમાં રહેતી વર્ષાબેને ફોન કરીને તેમના ઘરમાં ચોરી થઈ હોવાની અને મુખ્ય દરવાજાનું લોક તૂટેલું હોવાનું જણાવ્યું હતું. નયનાબેન ઘરે પહોંચ્યા ત્યારે મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો હતો. અંદર તપાસ કરતાં બેડરૂમમાં લોખંડના કબાટનું લોક પણ તૂટેલું અને સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. કબાટમાંથી આશરે રૂ.15 હજારની સોનાની બુટ્ટી અને રૂ.20 હજારની સોનાની ચેઈન મળી રૂ.35 હજારના દાગીના તેમજ તેમની ત્રણ વર્ષની પુત્રીના ગલ્લામાં રાખેલા આશરે રૂ.10 હજાર રોકડા મળી રૂ.45 હજારની મત્તા ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. જેથી તા.17ના બપોરે 12.15થી તા.18ના સવારે 6.30 વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરે ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

## વડોદરામાં વિશ્વામિત્રી નદી ઉત્સવ નિમિત્તે સિડબોલ અને ટ્રી પ્લાન્ટેશન કેમ્પનું ભવ્ય આયોજન

વડોદરા : પંચવક્ત્ર પાવાગઢથી નીકળતી પૌરાણિક અને પવિત્ર વિશ્વામિત્રી નદીને સ્વચ્છ, સુંદર બનાવવા તથા તેનું પુનઃસ્થાપન કરવા માટે 'વહો વિશ્વામિત્રી અભિયાન' એક લોકઆંદોલન બની ગયું છે. ડૉ. મુનીભાઈ મહેતાના નેતૃત્વ હેઠળ ચાલતું આ અભિયાન અને વડોદરા સ્થિત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત રિજનલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર વડોદરાનો અગ્રણી ફ્લેગશિપ પ્રોગ્રામ વર્ષ 2009 થી અવિરત કાર્યરત છે. આ અભિયાન વિશ્વામિત્રી નદીના સર્વગ્રાહી વિકાસ, એડવોકેસી હિમાયતી અને જનજાગૃતિના મુખ્ય ત્રણ ઘટકોને આવરી લઈને કામ કરી રહ્યું છે.

# વડોદરાની દિવાળીપુરા સ્થિત નવીન કલેક્ટર કચેરી ખાતે પાણીનો વેડફાટ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧

કલેક્ટર કચેરીમાં સરકારી તંત્રની ઉદાસીનતા અને અણઘડ વહીવટના કારણે હજારો લિટર શુદ્ધ પાણી વેડફાઈ રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં 'જળ સંચય' અને 'પાણી બચાવો'ના મોટા-મોટા અભિયાનો ચલાવવામાં આવે છે, કરોડો રૂપિયાની જાહેરાતો આપવામાં આવે છે. પરંતુ આ અભિયાનોની સૌથી પહેલી એસી ખુરશીઓ પર બેસતા જવાબદાર અધિકારીઓની નજર સમક્ષ જ કેવી ધજાગરી ઉડે છે, તેનું જીવંત ઉદાહરણ દિવાળીપુરાની આ કચેરી બની ગઈ છે. કચેરીના પરિસરની છત પર મૂકવામાં આવેલી ટાંકીમાંથી સત્તત પાણી ઓવરફ્લો થઈ રહ્યું છે. કચેરીના સત્તાધીશો પોતાની મોટી ગાડીઓમાં આવીને એસી ચેમ્બરમાં બેસી જાય છે, તેમને કદાચ એ વાતનો અહેસાસ જ નથી હોતો કે તેમની જ કચેરીમાં પાણી કેવી રીતે વેડફાઈ રહ્યું છે. તંત્રની આંખ આડા કાન કરવાની નીતિના કારણે પાણીની ટાંકીમાંથી સત્તત પાણીનો બગાડ અટકવાનું નામ લેતો નથી. શું કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓને પોતાની જ કચેરીમાં થઈ રહેલો આ વેડફાટ દેખાતો નથી ? કે પછી આંખે પટ્ટા બાંધીને બેસી જવું એ જ તેમની કુશળતા છે ?

# પશ્ચિમ રેલવે પરેડ ગ્રાઉન્ડ ખાતે સરકારના સુશાસનના 25 વર્ષની ઉજવણી



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ગુજરાત સરકારના પ્રજાકલ્યાણ અને સર્વાંગી વિકાસને સમર્પિત સુશાસનના ગૌરવવંતા 25 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં રાજ્યભરમાં સેવા-સંકલ્પ અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત વડોદરાના પશ્ચિમ રેલવે પરેડ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભવ્ય યોગ અને ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે 6 થી 8 વાગ્યા દરમિયાન યોજાયેલી આ વિશાળ શિબિરનું મુખ્ય સંચાલન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વડોદરા શહેર ભાજપ પ્રમુખ, મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, વિવિધ વોર્ડના કોર્પોરેટરો, પદાધિકારીઓ, યોગ ટ્રેનરો અને સામાજિક અગ્રણીઓ સહિત 5,000થી વધુ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ સામૂહિક યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન કર્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતા યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે જનસેવાના 25 વર્ષ પૂર્ણ કર્યા છે. ત્યારે છેવાડાના માનવી સુધી સ્વાસ્થ્ય અને સુખાકારી પહોંચાડવા આ અભિયાન એક સશક્ત માધ્યમ બન્યું છે.

# હરણી-વારસિયા રિંગરોડ પર નોમ નિમિત્તે રામાપીર મંદિર ખાતે નેજા ચઢાવાયો



વડોદરા શહેરના હરણી-વારસિયા રિંગ રોડ પર આવેલા સવાદ કવાર્ટર્સમા રામાપીર મંદિર ખાતે ભાદરવી નોમના પવિત્ર દિવસે નેજા ચઢાવવાનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓ સહિતના શ્રદ્ધાળુઓએ રામાપીરના દર્શન કરી નેજા ચઢાવી ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ વચ્ચે ભક્તોએ ગરબે ઘૂમી ઉત્સાહભેર ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રામાપીરના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક આસ્થાના આ કાર્યક્રમમાં સ્થાનિક લોકો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

# ગાયત્રી મહામંત્રની ૧૨ કલાકની અખંડ જપ સાધના તથા દીપ યજ્ઞ યોજાયો



વડોદરા : વિશ્વ વંદનીય માતાજી ભગવતી દેવી શર્માજીના શતાબ્દી વર્ષ નિમિત્તે તેમના પાવન પ્રાગટ્ય દિવસની સ્મૃતિમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, વડોદરા દ્વારા માંજલપુર, તરસાલી અને જી.આઈ.ડી.સી. શાખાના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી મહામંત્રની 12 કલાકની અખંડ જપ સાધના તથા દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. માંજલપુર સ્થિત મા ગાયત્રી પ્રજ્ઞા ભવન, ગણેશ પાર્ક સોસાયટી ખાતે યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય, કલશ પૂજન, દેવ આવાહન અને માતાજીની પ્રાર્થના સાથે થયો હતો. સાંજે દીપ યજ્ઞ, આરતી અને શાંતિપાઠ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. આ પ્રસંગે વરિષ્ઠ કર સલાહકાર તથા અધિવક્તા દીપકભાઈ અમીન ઉપસ્થિત રહી અખંડ જપ સાધનામાં સહભાગી બન્યા હતા.

## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) | CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ - કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022

**સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13 (2) હેઠળની નોટિસ**

નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે દર્શાવેલ સુરક્ષિત લોન મેળવેલ હતી. નીચે જણાવેલ દેવાદારો અને સહ-દેવાદારોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમની પાસેથી નીકળતી બાકી રકમો નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર વર્ણવેલ સંબંધિત જારી કરાયેલ નોટિસો મુજબ છે અને તે રકમ પર આગળનું વ્યાજ પણ લાગુ પડશે અને તે વ્યાજ તેમની સંબંધિત તારીખોથી કરાર આધારિત દરે વસૂલવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેવાદારો અને સહ-દેવાદારોના નામ | સેક્શન 13 (2) નોટિસની તારીખ | સેક્શન 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 116110804 | હોમ લોન | 1. તડવી પ્રવીણભાઈ<br>2. તડવી અક્ષય કુમાર | 09.09.2026 | રૂ. 4,29,257.80/- |
| મિલકતનું સરનામુંઃ તમામ ટુકડાઓ અને પાર્સલ ગામતળ પ્રોપર્ટી નં. 3/111/6, ક્ષેત્રફળઃ 71.56 ચોરસ મીટર, બાંધકામ ક્ષેત્રફળ 56.22 ચોરસ મીટર, જે તડવી ફળિયું, ગામઃ ચંદનનગર (કવિથા), તાલુકોઃ સંખેડા, જિલ્લોઃ છોટાઉદેપુર, ગુજરાત 391125માં આવેલ છે અને જેની સીમાઓઃ પૂર્વઃ વાડો, પશ્ચિમઃ આર.સી.સી. રોડ, ઉત્તરઃ તડવી જેઠાભાઈ પૂજાભાઈનું ઘર, દક્ષિણઃ તડવી શકરીબેન ભાઈલાલભાઈનું ઘર. | | | | | |

તમને આથી આ જાહેરાતની તારીખથી 60 દિવસની અંદર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમની સંબંધિત તારીખોથી કરાર કરાયેલા વ્યાજના દર તથા અન્ય ખર્ચ, શુલ્ક વગેરે સાથે ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવાથી સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની બાકી નીકળતી રકમ વસૂલ કરવા માટે અહીં દર્શાવેલ ગીરો મિલકતો સામે સરફેસી એક્ટની સેક્શન 13 (4) અને સેક્શન 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે બંધાયેલા રહેશે. વધુમાં, તમને સદર એક્ટની સેક્શન 13 (13) હેઠળ સદર સુરક્ષિત મિલકતોને વેચાણ/લીઝ અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જે આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ પામેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખઃ 22.09.2026
સ્થળઃ વડોદરા, ગુજરાત

## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
અમદાવાદ શાખાઃ ૩૦૧, ૩જો માળ, ABC-3, હોટેલ રેજિન્ટા સામે, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ નજીક, ઉમાશંકર જોશી માર્ગ, સી.જી. રોડ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
વડોદરા શાખાઃ યુનિટ નં SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર નજીક, અકોટા કાવ સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦

**પરિશિષ્ટ IV કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમ કે, સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓની રૂએ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અસાઇન કરેલ અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ દેવાદાર(રો) / જામીનદાર(રો)ને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભરપાઈ કરવા માટે માંગણી નોટિસ ઇશ્યુ કરેલ હતી. દેવાદાર રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદાર(રો) / જામીનદાર(રો) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, સદર અધિનિયમની કલમ ૧૩ની ઉપ-કલમ (૪) સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના નિયમ ૮ હેઠળ મળેલ સત્તાઓની રૂએ અધોહસ્તાક્ષરકર્તાએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો સંભાળી લીધો છે. સુરક્ષિત મિલકતો મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે દેવાદારનું ધ્યાન એક્ટની કલમ ૧૩ની ઉપ-કલમ (૮)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. વિશેષરૂપે દેવાદાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે કોઈ લેવડ-દેવડ કરવી નહીં અને મિલકત સાથેની કોઈ પણ લેવડ-દેવડ વ્યાજ સહિત નીચે દર્શાવેલ રકમ માટે AHFLના બોજાને આધીન રહેશે.

| ક્રમ નં. | દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો) ના નામ (શાખાનું નામ) | સુરક્ષિત મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત) | માંગણી નોટિસની તારીખ અને રકમ | કબ્જાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 03510000540 / અમદાવાદ શાખા) અંબરનાથ દેવનારાયણ દાન (દેવાદાર) દીપિકા અંબરનાથ દાન (સહ-દેવાદાર) | મોજે-ગોરવા, તાલુકો અને જિલ્લો-વડોદરા, ગુજ. ૩૯૦૦૧૬ના આર.એસ.નં. ૨૫૫, સિટી સર્વે નં. ૩૮૮૩ પર આવેલ "શ્રીજી ગોલ્ડ"ના ટાવર-F માં ચોથા માળે આવેલ ફ્લેટ નં. ૪૦૩ વાળી મિલકતના તમામ પીચ અને પાર્સલ. સીમાઓઃ પૂર્વઃ નાળિયા રોડ, પશ્ચિમઃ બિલ્ડિંગનું O.T.S., ઉત્તરઃ ફ્લેટ નં. E-404, દક્ષિણઃ ફ્લેટ નં. F-404 | 14-04-2026 & ₹ 31,23,151/- | 20-09-2026 |
| 2 | (લોન કોડ નં. 03810000228 / વડોદરા શાખા) ભાવેશ રણજીતભાઈ સોલંકી (દેવાદાર) ગીતાબેન રણજીતભાઈ સોલંકી અને રણજીતકુમાર સોલંકી (સહ-દેવાદારો) | કમલા નગર તળાવ રોડ, એફ.પી. નં. ૧૨૬, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૧૯માં આવેલ ફ્લેટ નં. M 504, 5મો માળ, મારુતિ હાઇટ્સ (EWS પ્રોજેક્ટ) વાળી મિલકતના તમામ પીચ અને પાર્સલ. સીમાઓઃ પૂર્વઃ ટાવર - H, પશ્ચિમઃ M-501, ઉત્તરઃ M-503 દક્ષિણઃ M-505 | 14-04-2026 & ₹ 3,06,484/- | 20-09-2026 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૨૨.૦૯.૨૦૨૬

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

## જાહેર સૂચના
## વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ચૂંટણી........

આથી, વડોદરા મહાનગરપાલિકાના તમામ નાગરિકોને ખબર આપવામાં આવે છે કે, સને ૧૯૪૭ ના ધી ગુજરાત પ્રાયમરી એજ્યુકેશન એક્ટની કલમ-૪ તથા સને ૧૯૪૯ ના ધી ગુજરાત પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ મુજબ વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભાસદોની ચૂંટણીબુધવાર તા.૨૧-૧૦-૨૦૨૬ના રોજ કરવાની છે. પ્રસ્તુત ચૂંટણી માટેના કાર્યક્રમની તારીખ, સમય અને સ્થળ નીચે પ્રમાણે મુકરર કરવામાં આવ્યા છે.

| ક્રમ | જગાનું વર્ગીકરણ | સભાસદો ચૂંટવાની સંખ્યા | ઉમેદવારી પત્રો લેવાની તારીખ, સમય અને સ્થળ | ઉમેદવારી પત્રોની તપાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | મત આપવાની તારીખ, સમય અને સ્થળ | મતગણતરીની તારીખ, સમય અને સ્થળ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અનુસૂચિત જાતિઓ (Scheduled Castes) અને અનુસૂચિત જનજાતિઓ (Scheduled Tribes) | ૧ | તા.૦૬-૧૦-૨૦૨૬ ને મંગળવારના રોજ બપોરના ૧૨-૦૦ થી બપોરના ૩-૦૦ સુધી. મહાનગરપાલિકા, શ્રી સયાજીરાવ સભાગૃહ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૧૩-૧૦-૨૦૨૬ ને મંગળવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકથી શરૂ. મહાનગરપાલિકા, શ્રી સયાજીરાવ સભાગૃહ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૨૧-૧૦-૨૦૨૬ ને બુધવારના રોજ બપોરના ૧૨-૦૦ થી બપોરના ૩-૦૦ સુધી. મહાનગરપાલિકા, શ્રી સયાજીરાવ સભાગૃહ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | તા.૨૧-૧૦-૨૦૨૬ ને બુધવારના રોજ બપોરના ૩-૩૦ કલાક થી શરૂ. મહાનગરપાલિકા, શ્રી સયાજીરાવ સભાગૃહ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા | |
| ૨ | મેટ્રીક અગર બીજા વર્ષની ટ્રેનીંગ સર્ટીફીકેટ ની પરીક્ષા પાસ કરેલી હોય અગર કોઇ સમાન યા ઉંચી કેળવણી વિષયક લાયકાત ધરાવતા હોય એવા. | ૩ | -સદર- | -સદર- | -સદર- | -સદર- | |
| ૩ | સામાન્ય | ૮ | -સદર- | -સદર- | -સદર- | -સદર- | |

સૂચના :-ઉમેદવારોના ઉમેદવારીપત્રો (Nomination Papers)
વડોદરા મહાનગરપાલિકાના મેયરની કચેરીમાંથી રજા સિવાયના દિવસોએ ઓફિસના સમયમાં મળી શકશે. ઉમેદવારી કરનારે વડોદરા મહાનગરપાલિકાના સભાસદ હોવાની જરૂર નથી. જે વર્ગની જેટલી જગ્યા માટે ચૂંટણી કરવાની છે તેટલી જગ્યા કરતા વધારે જગ્યા માટે વડોદરા મહાનગરપાલિકા ના કોઇપણ સભાસદ દરખાસ્ત કરી શકશે નહી અગર ટેકો આપી શકશે નહિ.

લાયકાતઃ-
અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની જગ્યા માટે ઓછામાં ઓછી પ્રાથમિક ચોથા ધોરણની પરીક્ષા પાસ.

*લાયકાતઃ-
(અ) પ્રાથમિક શાળાંત સર્ટીફીકેટ પરીક્ષા પાસ અથવા તેટલા દરજ્જાની નીચે જણાવેલ વડોદરા મહાનગરપાલિકા પૈકી બીજી કોઇપણ પરીક્ષા પાસ.
સને ૧૯૩૯ પહેલા મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફ થી લેવાયેલી વર્નાક્યુલર સ્કુલ ફાઇનલ પરીક્ષા પાસ.
સને ૧૯૪૯ ની ૧ લી માર્ચ પહેલા સામાન્ય માધ્યમિક (અંગ્રેજી) શાળાના ધોરણ ત્રણમાં પાસ અથવા અંગ્રેજી શીખવનારી (ઈંગલીશ ટીચીંગ) શાળાના ધોરણ છઠ્ઠામાં પાસ અને ત્યારબાદ હોય તો સદરહું શાળાઓની ધોરણ સાતની પરીક્ષા પાસ.
મુંબઇ ઇલાકાના યુરોપિયન સ્કુલો માટેના નિયમોના કોડમાં બતાવ્યા મુજબની યુરોપિયન શાળાનું ધોરણ સાતમું પાસ.
૧૯૪૮ પહેલા ભૂતપુર્વ વડોદરા રાજયમાં ધોરણ-૫ અગર ધોરણ-૬ (ગુજરાતી) ના અંતે લેવાયેલી પરીક્ષા.
વડોદરા પ્રાથમિકશાળા પ્રમાણપત્ર પરીક્ષા ૧૯૪૮.
(બ)પ્રાથમિક શાળાંત સર્ટીફીકેટ પરીક્ષા કરતા ઉંચા દરજ્જાની નીચે જણાવેલી પૈકી બીજી કોઇપણ પરીક્ષા પાસ.
૧) ઉપરોક્ત 'અ' માં જણાવેલી પરીક્ષાઓ કરતા બીજી કોઇપણ ઉંચા દરજ્જાની પરીક્ષા પાસ.
૨) સરકાર તરફ થી વખતોવખત જાહેર કર્યા પ્રમાણે માન્ય કરેલી યુનિવર્સિટીના મેટ્રીકયુલેશનની પરીક્ષાના દરજ્જાની ગુજરાત અને તિલક વિદ્યાપીઠ પરીક્ષાઓ પસાર કરી હશે તે.
૩) ગુજરાત વિદ્યાપીઠ અધાપન મંદિરના પ્રાથમિક શિક્ષકો માટેની ટ્રેનીંગ સર્ટીફીકેટ પરીક્ષા પાસ.
૪) એસ.એન.ડી.ટી. સ્ત્રીઓની યુનિવર્સિટીની બધી પરીક્ષાઓ પૈકીની પરીક્ષા પાસ.
૫) મુંબઇની સેકન્ડરી સ્કુલ સર્ટીફીકેટ પરીક્ષા પાસ અગર સરકારી શાળા ખાતા તરફ થી તાલીમ લીધા બદલનું આપેલું પ્રમાણપત્ર અગર સરકાર તરફ થી વખતોવખત આ બદલ માન્ય થયેલા બીજા એવા પ્રમાણપત્ર ધારણ કરનાર.
૬) પ્રચલિત સમયે અસ્તિત્વમાં હોય તેવા કોઇપણ કાયદા હેઠળ મુંબઇ રાજયની સ્થપાયેલી કોઇપણ યુનિવર્સિટીની મેટ્રીકયુલેશનની પરીક્ષા કરતા ઉચ્ચ દરજ્જાની અગર તેજ દરજ્જાની ગણવામાં આવેલી પરીક્ષાનું પ્રમાણપત્ર અગર મુંબઇ માધ્યમિક શાળાંત પરીક્ષા અને સરકારે પબ્લિક સર્વિસમાં ભરતી કરવાના હેતુથી બોમ્બે સીવીલ કલાસીફીકેશન અને રીક્રુટમેન્ટ નિયમમાં વખતોવખત ફેરફાર કર્યા પ્રમાણે સરકારે માન્ય કરેલા પ્રમાણપત્રો તથા ડિપ્લોમા ધારણ કરનાર.

તેથી જેમણે વડોદરા નગર પ્રાથમિકશિક્ષણ સમિતિના સભાસદની જગ્યા માટે ઉમેદવારી કરવી હોય તેમણે ઉપર મુકરર કરેલી જગ્યા અને તારીખ અને સમયની અંદર પોતપોતાનું ઉમેદવારી પત્ર યોગ્ય રીતે ભરી જરૂરી કેળવણી વિષયક લાયકાતના દાખલા સાથે પોતે જાતે અગર પોતા માટે દરખાસ્ત કરનાર (Proposer) અને અનુમોદન આપનાર (Seconder) મારફત રીટર્નીંગ ઓફીસરને આપવું. દરખાસ્ત કરનાર અને અનુમોદન આપનારે ઉમેદવારીપત્ર આપતી વેળા કોઇપણ સંજોગોમાં રીટર્નીંગ ઓફીસર સમક્ષ જાતે અવશ્ય હાજર રહેવાનું છે. તથાપિ આ બાબતમાં જણાવવાનું કે, ઉમેદવારોએ ૧૯૪૭ ના ધી ગુજરાત પ્રાયમરી એજયુકેશન એકટ તથા ૧૯૪૯ ના ધી ગુજરાત પ્રાયમરી એજયુકેશન રૂલ્સ જોઇ લેવા અને તેમાં ઠરાવેલા ધોરણો અનુસાર વ્યવસ્થા કરવી.

મેયરશ્રીની કચેરી,
વડોદરા મહાનગરપાલિકા
ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા.
તા.૨૧-૦૯-૨૦૨૬.

સહી/-
ગીતાબેન મકવાણા
મેયર
વડોદરા મહાનગરપાલિકા
વડોદરા

## ઇંડિયન બૈંક Indian Bank (ALLAHABAD)

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website | E-Auction Website

ધી સીક્યુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/10/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/ જામીનદારો/ મોર્ગેજરોના નામ | તારીખા ના રોજ કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિંમત / ઈએમડી (રૂા.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અંકલેશ્વર | (૧) શ્રી અકબર અલી જે કમરુદ્દીન અલી ના પુત્ર (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ ફરજાના અકબરઅલી ખાતુન (કરજદાર અને મોર્ગેજર) | તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૧૨,૧૬,૫૭૦.૪૮ | ૨૧/૦૬/૨૦૨૨ | મિલકત જમીન અને બિલ્ડીંગ માં ઘર નં.૩૬, જે રહેણાંક યોજના નામે ''ગ્રીન વેલી'' માપ ૩૯.૦૬ ચો.મીટર્સ. તમામ સુવિધાઓ સાથે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૮૦/૧ (જૂનો રેવન્યુ સર્વે નં.), ગામઃ દઢાલ, તાલુકોઃ અંકલેશ્વર, જીલ્લોઃભરૂચ, ગુજરાત. જે મિલકત શ્રી અકબર અલી જે કમરૂદ્દીન ના પુત્ર અને ફરજાના અકબર અલી ખાતુન ના નામે છે. મિલકતની ચર્તુદિશા- ઉત્તરેઃ લાગુ રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૪૯, પૂર્વેઃ પ્લોટ નં. ૩૭, પશ્ચિમેઃ પ્લોટ નં. ૩૫. | પ્રત્યક્ષ | 5,42,000/- / 54,200/- | IDIB0213087816 | Mr. Ashok Raja M (M) 9173291320 |
| ૨. | અઠવા લાઈન્સ, સુરત | (૧) મેસર્સ ફોનિક્સ ઈન્ડસ્ટ્રીઝ (ભાગીદારી પેઢી/ કરજદાર) (૨) શ્રી જતીન નાકરાણી (ભાગીદાર/કરજદાર/જામીનદાર) (૩) શ્રીમતિ અરૂણા કૈલાશ જૈન (ભાગીદાર/કરજદાર/જામીનદાર/મોર્ગેજર) (૪) શ્રી કૈલાશ જૈન (જામીનદાર/મોર્ગેજર) | તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૪,૦૧,૯૯,૧૪૭.૪૪ | ૨૪/૦૩/૨૦૨૬ | મિલકતઃ (૧) તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જમીન પ્લોટ નં. ૭૪, વિસ્તાર માપ ૧૬૬.૦૩ ચો.મીટર્સ. જેની સાથે સોસાયટીના કોમન રોડ અને સીઓપી માં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતની મિલકત જે સ્થિત જમીનનો બ્લોક નં. ૧૩૪, મોજે ગામઃ દંતી, તાલુકોઃ જલાલપોર, જિલ્લોઃ નવસારી. જે મિલકત કૈલાશ મેઘરાજ જૈન ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૨૫ ફૂટ રસ્તો, દક્ષિણેઃ બ્લોક નં. ૧૩૮, પૂર્વેઃ સી.ઓ.પી., પશ્ચિમે : પ્લોટ નં. ૭૫. | પ્રત્યક્ષ | 6,44,000/- / 64,400/- | IDIB3228764660A | Mr. Ranjith Kumar K (M) 9159196323 |
| ૩. | | | | | મિલકતઃ (૨) તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે ફેક્ટરીની જમીન અને બિલ્ડીંગ,જેનું માપ ૮૦૯૪.૦૦ ચો.મીટર્સ., જે સ્થિત જમીનનો બ્લોક નં. ૬૮૭, રેવન્યુ સર્વે નં. ૪૦૭/૧, મોજે ગામઃ કરમાડી, તાલુકોઃ કરજણ, જિલ્લોઃ વડોદરા, જે શ્રીમતિ અરૂણા કૈલાશ જૈન ના નામની. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ કરજણ-ઉમજ રોડ, દક્ષિણેઃ પટેલ રમણભાઈ છગનભાઈ ની જમીન, પૂર્વેઃ પટેલ નાગજીભાઈ મોતીભાઈ ની જમીન, પશ્ચિમે : પટેલ કાંતીભાઈ નાગજીભાઈ ની જમીન. | સાંકેતિક | 3,25,00,000/- / 32,50,000/- | IDIB3228764660 | |
| ૪. | બરોડા | (૧) મેસર્સ પબ્લિક એજન્સી (ભાગીદારી પેઢી અને મોર્ગેજર), (૨) શ્રી સતિષભાઈ મોહિતે (ભાગીદાર કમ મોર્ગેજર કમ જામીનદાર), (૩) શ્રીમતિ નિશાબેન સતિષભાઈ મોહિતે (ભાગીદાર કમ મોર્ગેજર કમ જામીનદાર), (૪) શ્રી વિરલ એસ મોહિતે (જામીનદાર) | તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૨,૫૮,૮૯,૪૬૮.૦૩ | ૦૬/૦૫/૨૦૨૫ | બ્લોક નં. ૯/એ, ''ઉદય નગર / કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., મહાવીર સોસાયટી નજીક, આજવા રોડ, વડોદરા, રેવન્યુ સર્વે નં. ૧૫૧/એ પૈકી, ફાઈનલ પ્લોટ નં. ૭૧, ટી.પી. નં. ૪, મોજેઃ બાપોદ, રજી. જીલ્લો અને સબ જીલ્લો વડોદરા, જે નિશાબેન સતિષભાઈ મોહિતે ના નામે છે '' મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. -૪, દક્ષિણેઃ સોસાયટી રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૯/બી, પશ્ચિમેઃ સબ પ્લોટ નં.-૮. | સાંકેતિક | 93,33,000/- / 9,33,300/- | IDIB908125373 | Mr. Deepak Kumar Vaishnav (M) 9950075555 |
| ૫. | સયાજીગંજ, બરોડા | (૧) શ્રી કરથિયા જીતેન્દ્ર મશરીભાઈ (કરજદાર / મોર્ગેજર) | તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૨૦,૩૪,૧૦૭.૮૭ | ૦૭/૦૭/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત જે ઘર સ્થિત વાડી ગામ, વિભાગ-એ, ટીકા નં. ૮/૫, સીટી સર્વે નં. ૧૫૫, માપ ૧૩૨.૧૦ ચો.મીટર્સ. અને વિભાગ-એ, ટીકા નં. ૮/૫, સીટી સર્વે નં. ૧, માપ ૪૭૨.૪૧૩૪ ચો.મીટર્સ. પૈકી ૨૫૭.૪૩૫૫ ચો.મીટર્સ. કુલ જમીન વિસ્તાર ૩૮૯.૫૪૪ ચો.મીટર્સ. ફ્લેટ નં. ૨૦૬, બીજો માળ, અંબે વિલા, બાંધકામ વિસ્તાર ૫૯.૨૬ ચો.મીટર્સ. અને અવિભાજીત હિસ્સા સહિત જમીન નું માપ ૧૪.૭૭ ચો.મીટર્સ. જે જિલ્લા વડોદરા માં રજીસ્ટર્ડ થયેલ. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ સીટી સર્વે નં. ૨, દક્ષિણેઃ લાગુ સીટી સર્વે નં.૧ પૈકી અન્ય ભાગ, પૂર્વેઃ લાગુ રસ્તો, પશ્ચિમેઃલાગુ રસ્તો. | પ્રત્યક્ષ | 11,76,000/- / 1,17,600/- | IDIB30618868190 | Mr. Rajendra Kumar Meena (M) 9945790204 |
| ૬. | અડાજણ, સુરત | (૧) શ્રી યોગેશ કંચનલાલ રાઠોડ (કરજદાર કમ મોર્ગેજર), (૨) શ્રીમતિ હેમાબેન યોગેશભાઈ રાઠોડ (કરજદાર કમ મોર્ગેજર) | તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજની બાકી રૂા.૨૦,૩૬,૪૭૧.૪૫ | ૧૬/૦૪/૨૦૨૧ | રહેણાંક મિલકત ઘર જે પ્લોટ નં. ૯૦, ''શ્રી ક્રિષ્ના વેલી'', ટાઈપ- બી, માપ ૪૦.૧૮ ચો.મીટર્સ (સાઈટ મુજબ માપ ૪૦.૧૭ ચો.મીટર્સ.), સાથે આશરે ૩૨.૭૬ ચો.મીટર્સ માપ ધરાવતા સીઓપી ૧ અને સીઓપી ૨ અને રોડ ના માર્જીનમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત, જેની કુલ માપ ૭૨.૯૪ ચો.મીટર્સ. જે સ્થિત બિન-ખેતીલાયક જમીનનો રેવન્યુ સર્વે નં. ૩૪૯, બ્લોક નં. ૩૬૫, માપ ૧૬૭૬૭ ચો.મીટર્સ. મોજે ગામઃ કારેલી, સબ-જિલ્લોઃ પલસાણા, જિલ્લોઃ સુરત. ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૯૧, દક્ષિણેઃ પ્લોટ નં. ૮૯, પૂર્વેઃ સોસાયટીનો આંતરીક રસ્તો અને ખુલ્લો પ્લોટ, પશ્ચિમેઃ જોડાયેલ મિલકત. | પ્રત્યક્ષ | 7,60,000/- / 76,000/- | IDIB0211694111 | Tikendra Verma (M) 9131718982 |

**બીડ વધારવાની કિંમત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૧૦/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.**

**મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૨/૦૯/૨૦૨૬ થી ૦૭/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૧૦/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનિટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)**

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction serviceprovider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No.8291220220, email ID: - support.baanknet@psballiance.com and other help line numbersavailable in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd.and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://baanknet.com and for clarifications related to this portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com

તારીખઃ ૨૨/૦૯/૨૦૨૬,
સ્થળઃ સુરત.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૧૫ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.